મળ્યા તારીખ – ૨૯/૦૩/૨૦ ૨૪
નોંધ્યા તારીખ– ૨૯/૦૩/૨૦ ૨૪
ફેંસલ તારીખ – ૨૧/૦ ૪/૨૦૨૬
સમયગાળો – વર્ષ ંમાસ દિવસ
૦૦– ૦૦ ૦૦

## મોડાસાના મહે. નામદાર એડી.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક. એસ. આર. શર્મા સાહેબશ્રીની કોર્ટમાં,મું. મોડાસા.જીલ્લો : અરવલ્લી.

**ક્રિમીનલ કેસ નંબર– ૭૩૨/૨૦૨૪**
**આંક–**

**ફરીયાદી** : શ્રી સરકાર

**વિરુધ્ધ**

**આરોપી:** અનિલકુમાર બલવિરસિહ જાટ,
રહે. બરલી તા.ભવાણીખેડા જી. ભિવાની
(હરીયાણા)

**ગુન્હો:–** **ગુજરાત નશાબંધી અધિનીયમની કલમ–૬૫ , એ,ઈ, મુજબ**

---

ફરિયાદ પક્ષ તરફે વિ. વ.શ્રી.એસ.આર.પટેલ
આરોપી પક્ષ તરફે વિ.વ.શ્રી આર.ડી.કુંપાવત

---

## // ચુ કા દો //

(૧) આ કામના ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી ગઈ તા.૧૬/૧૦/૨૩ ના રોજ કલાક.૯/૦૦ વાગે મોજે ટીટોઈથી બામણવાડ તરફ જતા રોડ ઉપર ટીટોઈ ગામની સીમમા આ કામના આરોપીએ પોતાના કબજાની એક સફેદ

કલરની ટોયોટા કંપનીની ફોરચ્યુનર ગાડી જેનો રજીસ્ટેશન નંબર એચ.આર.૨૬.બી.ઈ.૮૦૮૮ ની મા પોતાના આર્થિક ફાયદા સારૂ વગર પાસ પરમીટે ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ બોટલો નંગ.૩૪૪ જેની કુલ કિમત રૂ.૧,૨૯,૦૦૦/- નો પ્રોહી મુદ્દામાલ તથા ટોયોટો કંપનીની ફોરચુનર ગાડી રજીસ્ટેશન નંબર એચ.આર.૨૬ બી.ઈ.૮૦૮૮ ની કિમત રૂ.૧૦,૦૦૦/- ની તથા ગાડીમાથી મળેલ આર.સી.બુક તથા વિમા પોલીસ તથા પી.યુ.સી.ની નકલ કિમત રૂ.૦૦/- ની મળી કુલ મુદ્દામાલ કિમત રૂ.૧૧,૨૯,૦૦૦/- નો મુકી પોલીસની નાકાબંધી જોઈ નાસી જઈ ગુન્હો કરેલ જે કોલમ નંબર.૧ મા જણાવેલ આરોપી તપાસ દરમ્યાન મળી આવી પકડાઈ જઈ ગુન્હો કર્યા શિક્ષાનેપાત્ર ગુનો કરેલો છે તે મુજબનું તહોમત મુકી, ફરીયાદીએ ઉપરોકત બનાવ સંબંધે ટીટોઈ પોલીસ મથકે ફરીયાદ આપતાં પોલીસે ગુનો રજીસ્ટર કરેલો અને તપાસ કરનાર અધિકારીએ તપાસના અંતે આરોપી વિરુધ્ધ ધી પ્ર ોહી. એકટની કલમ : ૬૫, એ,ઈ, મુજબના ગુના સબબનુ ચાર્જશીટ ના.કોર્ટ સમક્ષ રજુ કરેલુ છે.

(૨) આ કામના આરોપીને ના.કોર્ટ દવારા સમંસ કરવામાં આવેલો. જે આરોપીને ધારાસર બજતાં, તેઓ નામદાર કોર્ટ સમક્ષ હાજર થયેલા. સદરહુ આરોપીને તેમની વિરુધ્ધના પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલી. તે બાદ આરોપી સામે ધી પ્રોહી.એકટ કલમ- ૬૫,એ,ઈ,મુજબના ગુનાનું આંક:૦૫ થી તહોમતનામું ફરમાવીને આરોપીની પ્લી આંક :૦૬ તળે નોંધવામાં આવેલી. જેમાં આરોપીએ તેમની સામેના ગુના સબબનો ઈન્કાર કરેલો. જેથી સદરહુ કામ ફરીયાદ પક્ષના પુરાવાના તબકકે રાખવામાં આવેલુ.

(૩) ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક તથા દસ્તાવેજી પુરાવો:–</u>**

| | | | |
|---|---|---|---|
| આંક: | ૦૯ | થી | ફરીયાદી:ખુમાનસિહ ભાથીજી |
| આંક: | ૧૦ | થી | ફરીયાદ |
| આંક: | ૧૫ | થી | પંચસાહેદ: રોકીકુમાર ભરતભાઈ છારા |
| આંક: | ૧૬ | થી | પંચનામુ |
| આંક: | ૨૦ | થી | આઈ.ઓ:કોમલબેન ખેતસિહ રાઠોડ |
| આંક: | ૨૮ | થી | પંચસાહેદ:રણછોડભાઈ રમેશભાઈ છારા |

(૪) તે બાદ ફરીયાદ પક્ષ તર્ફે વધુ કોઈ પુરાવો રજુ ન હોઈ પુરાવો બંધ કરવામાં આવેલો છે. તે બાદ પુરાવો જોતાં આરોપીનો ક્રિ.પ્રો. કો. ક. ૩૧૩ અન્વયે વધારાનો જવાબ નોંધવામાં આવેલો નથી. તે બાદ ફરીયાદ પક્ષ તર્ફે વિ. એ.પી.પી.એસ.આર.પટેલ તથા આરોપી તર્ફે વિ. વ. શ્રી આર.ડી.કુપાવત ની દલીલ સાંભળેલી છે.

(૫) આ કામે નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉદ્દભવે છે.

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપી ગઈ તા.૧૬/૧૦/૨૩ ના રોજ કલાક.૯/૦૦ વાગે મોજે ટીટોઈથી બામણવાડ તરફ જતા રોડ ઉપર ટીટોઈ ગામની સીમમા આ કામના આરોપીએ પોતાના કબજાની એક સફેદ કલરની ટોયોટા કંપનીની ફોરચુનર ગાડી જેનો રજીસ્ટેશન નંબર એચ.આર.૨૬.બી.ઈ.૮૦૮૮ ની મા પોતાના આર્થિક ફાયદા સારૂ વગર પાસ પરમીટે ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ બોટલો નં ગ.૩૪૪ જેની કુલ કિમત રૂ.૧,૨૯,૦૦૦/– નો પ્રોહી મુદ્દામાલ તથા ટોયોટો કંપનીની ફોરચુનર ગાડી રજીસ્ટેશન નંબર એચ.આર.૨૬ બી.ઈ.૮૦૮૮ ની કિમત રૂ.૧૦,૦૦૦/– ની તથા ગાડીમાથી મળેલ આર.સી.બુક તથા વિમા પોલીસ તથા પી.યુ.સી.ની નકલ કિમત રૂ.૦૦/– ની મળી કુલ મુદ્દામાલ કિમત રૂ.૧૧,૨૯,૦૦૦/– નો મુકી પોલીસની નાકાબંધી જોઈ

નાસી જઈ ગુન્હો કરેલ જે કોલમ નંબર.૧ મા જણાવેલ આરોપી તપાસ દરમ્યાન મળી આવી પકડાઈ જઈ ગુન્હો કર્યા શિક્ષાનેપાત્ર ગુનો કરેલો છે તે મુજબનું તહોમત મુકી, ફરીયાદીએ ઉપરોકત બનાવ સંબંધે ટીટોઈ પોલીસ મથકે ફરીયાદ આપતાં પોલીસે ગુનો રજીસ્ટર કરેલો અને તપાસ કરનાર અધિકારીએ તપાસના અંતે આરોપી વિરુધ્ધ ધી પ્રોહી. એકટની કલમ : ૬૫, એ,ઈ, મુજબનો શિક્ષા ને પાત્ર ગુનો કરેલો છે ?

૨. શુ હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

## // નિર્ણય અંગેના કારણો //

**મુદ્દા નંબર–૧:–**

(૭) આ કામે ફરીયાદ પક્ષ તર્ફે રજુ થયેલો પુરાવો જોઈએ તો, ફરીયાદ પક્ષે આંક:૧૫ થી તપાસવામાં આવેલ પંચસાહેદ : રોકીકુમાર ભરતભાઈ છારા નાઓએ તેમની સમગ્ર જુબાની દરમ્યાન જણાવેલ છે કે,આજથી આશરે પોલીસે મને આજથી દસ પંદર દિવસ પહેલા જીવણપુર ચોકડી બોલાવી એક પંચનામામાં સહી લીધેલી, તે સિવાય તેઓ બીજુ કઈ જાણતા નથી. સદર પંચ સાહેદને ફરીયાદ પક્ષે ફરી ગયેલ સાહેદ જાહેર કરી ઉલટતપાસ કરેલ છે પરંતુ તેમાં તેઓએ આંક–૧૬ થી રજુ પંચનામાની હકીકતોનો ઈન્કાર કરેલ છે. બચાવ પક્ષના વિ.વ.શ્રીએ લીધેલ ઉલટ તપાસમાં પણ પોલીસે તૈયાર પંચનામામાં સહી લીધેલી તે સિવાય બીજું કાંઈ જાણતા નથી તેમ કબુલ રાખેલ છે. આમ, આંક– ૧૬ નું પંચનામું પુરવાર થયેલું નથી.

(૮) ત્યારબાદ, ફરિયાદી : ફરીયાદ તથા રજુ મુદામાલ કબજે કર્યાના પંચનામાની હકીકતો બયાન કરી ફરીયાદ પક્ષના કેસની સઘળી હકીકતોને સમર્થન આપેલ છે.

(૯) સદર પોલીસ સાહેદોની બચાવપક્ષ તર્ફે ઉલટતપાસ કરવામાં આવેલ છે, જેમાં એવી હકીકત સ્વીકૃત થવા પામેલ છે કે , ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી , બનાવવાળી જગ્યાની માલીકી અને કબજા બાબતે દસ્તાવેજી પુરાવા તપાસવામાં આવેલ નથી કે રજુ કરેલ નથી.

(૧૦) આમ, ઉપરોકત પુરાવાકીય હકીકતો ધ્યાને વંચાણે લેતા , ફરીયાદપક્ષના કેસની હકીકત તથા પોલીસ સાહેદોના મૌખીક પુરાવાની સરતપાસની હકીકતો અને બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસની હકીકતોથી એ સ્પષ્ટ રીતે ફલીત થાય છે કે, જે બનાવવાળી જગ્યાએ મુદામાલ કબજે લીધેલ હોવાનું પોલીસ સાહેદોએ કથન કરેલ છે તે જગ્યાની માલીકી કે કબજો આરોપીનો હોય તે દર્શાવતો કોઈ પુરાવો પોલીસ સાહેદોએ તપાસના કામે મેળવેલ નથી અને આ કામે રજુ રાખવામાં આવેલ નથી તે સ્વીકૃત હકીકત છે. તદઉપરાંત, પોલીસ સાહેદોએ રેઈડ દરમ્યાન પંચ સાહેદો તેમની સાથે હાજર હતા અને સમગ્ર કાર્યવાહી પંચસાહેદોની હાજરીમાં કરવામાં આવેલ હોવાનું કથન કરેલ છે. જયારે આ કામે તપાસવામાં આવેલ પંચસાહેદએ પોલીસ સાહેદોએ કરેલ આ કથન તેમજ રજુ પંચનામાની હકીકતોને લેશમાત્ર પણ સમર્થન આપેલ નથી. ત્યારે પંચ સાહેદના પુરાવાની હકીકત જોતાં, આ કામેના પંચો રુબરુ પંચનામાની કાર્યવાહી કરવામાં આવેલ છે તેવી પોલીસ સાહેદોએ જણાવેલી હકીકતો શંકાસ્પદ બને છે.

(૧૧) તદઉપરાંત, The Gujarat Prohibition (Liquor Samples and Determination of Quantity Seized Liquor) Rules, 2012. Notification issued by the Home Department dated 20th August 2012."HOME DEPARTMENT Notification Sachivalaya, Gandhinagar, 8th August, 2012.GUJARAT PROHIBITION ACT, 1949 :અંતર્ગત નિયમ–૩ અને નિયમ–પ ધ્યાનમાં લઈએ તો, તેમાં,

**3 . Collection of Liquor Sample :**

( 1 ) The sample of liquor shall be collected in the following manner, namely;

( a ) T h e Prohibition Officer or the Police Officer shall take two samples of 200 ml. from a container 01' in Case of more than one container, from each such container containing liquor, in the presence of two witnesses (panchas);

(b) in the case of liquor contained in branded bottles, two bottles of each brand shall be taken batch − wise, from the boxes which contain such bottles , in the presence of two witnesses ( panchas ) In case of changes in the brand or batch, two bottles of liquor of each such brand shall be taken separately, as sample

(2) Out of two samples referred to in sub−rule (1), one sample shall be sent to the Testing Officer and the another sample shall be kept ' in the custody of the officer

who has seized the liquor , till the matter is finally decided by the Court and thereafter the sample kept in the custody of the officer shall be destroyed in accordance with the procedure prescribed in this behalf.

**5. Sample be sent for Analysis.**

The Prohibition Officer or the Police Officer who has seized the liquor shall send the sample alongwith the

advice in Form – A , immediatel y without any loss of time to the Forensic Science Laboratory of the State for detailed analysis report.

(૧૨) આમ, ઉપરોકત નોટીફીકેશન ધ્યાને , વંચાણે લેતા , તેમાં, કેફી પ્રવાહી નું સેમ્પલ એકત્ર કરવા તથા એનાલીસીસ માટે મોકલી આપવા સંબંધેની જે પ્રક્રિયા દર્શાવવામાં આવેલી છે તે પોલીસ ઓફીસરે અનુસરવાની જ રહેશે તેવો આદેશાત્મક સુચન કરવામાં આવેલ છે. તેમ છતાં, આ કામે પોલીસ દવારા નમૂનાનું સેમ્પલ પૃથ્થકરણ સારુ મોકલાવેલ હોય અને તેનો કોઈ અહેવાલ મેળવેલ હોય અને તેવી કોઈ પ્રક્રિયા અનુસરવામાં આવેલ હોવાની હકીકત ફલીત થતુ જણાઈ આવતુ નથી. ઉપરોકત નિયમોનુસાર કબજે લીધેલ લીકરનું સેમ્પલ એકત્ર કરી તેના પૃથ્થકરણ અંગેની કાર્યવાહી અનુસરવા સંબંધેના નિયમોનુ પણ પાલન કરવામાં આવેલ હોવાનું ફલીત થતુ નથી.

(૧૩) સમગ્રપણે, આ કામેના તમામ પોલીસ પેપર્સ તેમજ પુરાવાઓ લક્ષમાં લેતાં આ કામેના આરોપી વિરુધ્ધ આક્ષેપીત ગુન્હો આચરવામાં આવેલ હોવાની હકીકત સ્પષ્ટ,નિ:શંક,સ્વતંત્ર અને અસંદિગ્ધ અને વિશ્વશનીય પુરાવાથી ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.

(૧૪) આમ, સદર કેસમાં ફરીયાદ પક્ષ નિ:શંકપણે આરોપી વિરુધ્ધનું તહોમત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ, . મુદાનં. ૧ ''નકારમાં' નિર્ણીત કરી , મુદા નં. ૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો 'આખરી હુકમ' કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

ક્રિ.પ્રો.કોડ ની કલમ : ૨૪૮(૧) અન્વયે આરોપી : અનિલકુમાર બલવિરસિહ જાટ, નાઓને ધી ગુજરાત નશાબંધી અધિનીયમની કલમ :૬૫,એ,ઈ,મુજબના ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે કબજે કરેલ મુદ્દામાલ ફોરચુનર ગાડી નં.એચ.આર.૨૬.બી.ઈ.૮૦૮૮ જેનો એન્ઝીન નંબર રૂ.કે.ડી.૬૫૬૧૮૯૮ તથા ચેચીસ નંબર બી.જે.૧૧.જે.વિ.એસ.૧ ૦.એસ.ઓ.૦૯૧૬૧ તથા આર.સી.બુક –૧ તથા વિમા પોલીસી–૧ તથા પીયુસી.–૧ ની માલીકી અંગે યોગ્ય ખરાઈ કરી પરત કરવાનો હુકમ કરવામા આવે છે આ સિવાય તમામ પ્રોહી મુદ્દામાલનો અપીલ સમય વિત્યેથી નિયમાનુસાર નાશ કરી નિકાલ કરવો.

ક્રિ.પ્રો.કોડ,૧૯૭૩ની કલમ–૪૩૭(ક) મુજબ આરોપીએ રજુ કરેલ ખત તથા જામીનખત કલમ–૪૩૭(ક) ની જોગવાઈ અનુસાર અમલમાં રહેશે.

હુકમ આજરોજ તારીખ : ૨૧[મી], માહે:એપ્રીલ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ :૨૧/૦૪/૨૦૨૬**
**સ્થળ :મોડાસા**

**( એસ. આર. શર્મા)**
**એડીશ્નલ જયુડી.મેજી.ફ.ક.**
**મોડાસા.**
**જજ કોડ–જીજે૦૧૫૭૧**

ડી.આર.પટેલ પી.એ.